રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની ટીમે સાબરકાંઠા જિલ્લાની મુલાકાત લીધી

ન્યાયતંત્ર અને સમાજ વચ્ચે સુમેળ સંવાદિતા થાય તે જરૂરી : રાજુભાઈ પરમાર

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા.૪

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ નવી દિલ્હીના સભ્ય રાજુભાઈ પરમારે આજે સાબરકાંઠા જિલ્લાના દલિત અગ્રણીઓ સાથે હિંમતનગરના સર્કિટ હાઉસ ખાતે યોજાયેલ બેઠકમાં ન્યાયતંત્ર અને સમાજ વચ્ચે સુમેળ સંવાદિતા થાય તે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

સમગ્ર સાબરકાંઠા જિલ્લામાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત દલિત અગ્રણીઓની સાથે વાત કરતા આયોગના સભ્ય રાજુભાઈ પરમારે જણાવ્યું હતું કે દલિતો પર થતા અત્યાચાર મામલે સામાજીક સંસ્થાઓ અને દલિત પદાધિકારીઓની દરમિયાનગીરીથી આવા બનાવોની સંખ્યા અન્ય જિલ્લાની સરખામણીએ સાબરકાંઠા જિલ્લામાં ઓછી જોવા મળી રહી છે. જિલ્લા વહિવટીતંત્રની ભૂમિકા વિષે વાત કરતા જણાવ્યું હતુ કે, એટ્રોસીટી કે અન્ય ગંભીર ગુનાઓમાં દલિત સમાજને ન્યાય ઝડપી મળી રહે તે દિશામાં કામગીરી કરવા અનુરોધ કરવામાં આવ્યા હતા. તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકરના મૂલ્યનિષ્ઠતાનો અસરકાર અમલ થાય તો વર્ગભેદને મિટાવી શકાય તેમ ભાર મુક્યો હતો.

રાજુભાઈ પરમારે જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન એટ્રોસીટીના કેસોમાં ઘટાડો નોંધાયો હોવાનું ધ્યાન પર આવ્યું છે. જે ખરેખર આનંદની વાત છે. તેમણે સામાજીક ઉત્થાન સાથે શિક્ષણક્ષેત્રે સમાજને આગળ ધપાવવા અગ્રણીઓને અપીલ કરી હતી.

બેઠકમાં દલિત સમાજના અગ્રણીઓએ જણાવયું હતું કે, હિંમતનગર શહેરના વાઘેલાવાસ એસ.ટી સ્ટેન્ડ સામે સહિતના વિસ્તારોમાં દબાણો દૂર કરવાની કાર્યવાહી થઈ રહી હતી ત્યારે હિંમતનગરના ધારાસભ્યએ સરકારમાં અસરકારક રજૂઆતો કરી દલિત સમાજના કાચા પાકા મકાનો તૂટતા બચાવ્યા હતા.

આ બેઠકમાં વડગામના ધારાસભ્ય મણીભાઈ વાઘેલાએ રાજયમાં સરકારી નોકરી સાથે જોડાયેલ અધિકારી કર્મચારીઓને થતી કનડગતિ તથા તેમના લાભો ઝડપથી મળી રહે અને સરકારમાં અનામત જગ્યાઓ પર રોસ્ટર સેલ સક્રિય થાય તે માટે સભ્યનું ધ્યાન દોર્યુ હતું. ઉપરાંત દલિત અત્યાચારના કેસોનું ત્રિમાસિક અહેવાલ રજૂ થાય તે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

બેઠકમાં પોલીસ અધિકારીઓને ટકોર કરતા સભ્ય રાજુભાઈ પરમારે જણાવ્યું હતુ કે દલિત પર થતા અત્યાચારના કિસ્સામાં ઝડપી ફરીયાદ નોંધી તેની નિષ્પક્ષ અને ન્યાયિક તપાસ થાય તે જરૂરી ગણાવ્યું હતું. તેમજ લાંબા સમયથી પડતર કેસોનું ઝડપથી નિરાકરણ અંગે સંબંધિત અધિકારીઓનુ ધ્યાન દોર્યુ હતું

આ બેઠકમાં પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન રામજીભાઈ વણકર, જિલ્લા અગ્રણી રામભાઈ સોલંકી, છગનભાઈ પરમાર, કરશનભાઈ મકવાણા, જિલ્લા પોલીસ વડા પ્રવિણ માલ, નાયબ પોલીસ અધિક્ષક જયોતિ પટેલ, આ. પી. ગુપ્તા એલ. સી. બી. પી. આઈ. આલ સહિત અન્ય દલિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખેતરમાં પાણી આપવા બાબતે ઝઘડો થતા નવા ગામના ઈસમને માર માર્યો

હિંમતનગર, તા.૪

વિજયનગર તાલુકાના નવાગામ ધનેલા ગામના ખેતર માલિકે પોતાનું ખેતર વાવેતર કરવા ગામના અન્ય ઈસમને આપ્યું હતું. જેણે સમયસર ઘંઉના પાકમાં પાણી ન આપતા ખેતર માલિકે ઠપકો કર્યો હતો. જેની અદાવત રાખી ખેતમજુરે લાકડી વડે માર મારતા તેની વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે નવાગામ ધનેલાના લાલજીભાઈ સુથારે પોતાનું ખેતર ભાગેણું વાવવા માટે ગામનાજ વેચાતજી સુરમાજી કટારાને આપ્યું હતું. જેણે ઘંઉમાં સમયસર પાણી ન આપતા શુક્રવારે ખેતર માલિક લાલજીભાઈએ વેચાતજીને ઠપકો કર્યો હતો. જેથી વેચાતજીએ એકદમ ઉશ્કેરાઈ ખેતમજુરના રૂ. ૧૫ હજારની માંગણી કરી અપશબ્દો બોલ્યા હતા. જેથી લાલજીભાઈએ પૈસા આવાની ના પાડતા વેચાતજીએ લાકડી વડે લાલજીભાઈને માર માર્યો હતો. જે અંગે લાલજીભાઈના દીકરા જયંતિલાલે વિજયનગર પોલીસ સ્ટેશનમાં વેચાતજી કટારા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મેઘરજના પંચાલ ગામે આવેલ ઈસરી પોલીસ સ્ટેશનનું આઉટ પોસ્ટને ખંભાતી તાળા

(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

ઈસરી, તા. ૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના આંતરીયાળ વિસ્તાર અને આદિવાસી સમાજથી ગીચોગીચ સંખ્યામાં ઘેરાયેલા પંચાલ ગામમાં અસામાજીક તત્વોને ડામવા અને ગેરકાયદેસર નશીલા પદાર્થોની હેરાફેરીને અટકાવવા ઈસરી પોલીસ સ્ટેશન હેઠળ આઉટ પોસ્ટનું નિર્માણ કર્યું હતું. પરંતુ આઉટ પોસ્ટનું મકાન શોભાના ગાંઠીયા સમાન હોય તેવુ લાગી રહ્યું છે, આ ઓ.પી.ના મકાનના તાળા આજ સુધી ખુલ્યા નથી.

આધારભુત સુત્રોના જણાવ્યા અનુસાર મેઘરજ તાલુકાના પંચાલ અને આજુબાજુના વિસ્તારોમાં આદિવાસી સમાજની સંખ્યા વધુ હોવાથી અસામાજીત તત્વો અને ગુન્હાઓને કાબુમાં લેવા આઉટ પોસ્ટ બનાવવામાં આવ્યું હતું. જ્યારે પંચાલ ગામ અને પંચાલ ચોકડી પર અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયો છે. જેથી અહિથી પસાર થતી વિદ્યાર્થિનીઓ અને બહેનો માટે દિવસે નિકળવું મુશ્કેલ બની ગયું છે. અને અહિયા દારૂ પીને છાકટા બનેલા લોકોની ભરમાર જોવા મળી રહી હોવા છતાં અને અહીંથી બુટલેગરો દ્વારા દેશી-વિદેશી દારૂની હેરાફેરી મોટા પ્રમાણમાં કરવામાં આવતી હોવાથી અને દારૂડીયાઓ દ્વારા અહીંથી પસાર થતા મુસાફરોને રંજાડવામાં આવતા હોવા છતાં અહી પંચાલ ગામમાં બનાવેલ આઉટ પોસ્ટની ચોકીને તાળા ખોલી પોલીસ જવાનો દ્વારા દિવસ-રાત્રી પેટ્રોલીંગ કરવામાં આવે તો અહીના પ્રજાજનો આવા લુખ્ખા અને અસામાજીક તત્વોમાંથી છુટકારો મળી શકે એમ છે. ઉપરાંત અહીંથી દેશી-વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો પણ પોલીસ શકંજામાં આવી જવાના ભયથી જ નશાકારક દ્રવ્યોનો વેપલો બંધ કરી દે પરંતુ અરવલ્લી જિલ્લા પોલીસ વડાને તો જિલ્લાના પ્રજાજનોની મુશ્કેલીઓ સામે જોવાને પણ સમય ન હોય તેવુ જણાઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં ચૈત્રી પુનમ અને હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં આજે ચૈત્રી પુનમ અને હનુમાન જયંતિની ભારે આસ્થા અને ધામધૂમપૂર્વક હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ચૈત્રી પુનમનું માઈભક્તોમાં સવિશેષ મહત્વ હોવાથી અરવલ્લીના છટાડી, દિપેશ્વરી ધામ અને શામળાજીમાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. જ્યારે હનુમાન જયંતિના દિવસે બજરંગદળ અને વી.એચ.પી. દ્વારા હનુમાન જયંતિ નિમિત્તે સમગ્ર જિલ્લામાં ભવ્ય શોભાયાત્રા સાથે ઉજવણી કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લામાં ચૈત્રી પુનમના દિવસે મોડાસા તાલુકાના ઈટાડી ગામે આવેલા આરાસુરી અંબાજી માના મંદિરમાં વહેલી સવારથી જ આજુબાજુના વિસ્તારોમાંથી પગપાળા યાત્રાળુઓના સંઘ આવવાની સાથે હજારોની સંખ્યામાં માઈભક્તોએ અંબેમાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે બાયડ તાલુકાના જુના ઉંટરડામાં આવેલા દિપેશ્વરી ધામમાં ગઈકાલે સાંજથી જ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને દિપેશ્વરીમાના દર્શન કરવા લાંબી લાઈનોની કતાર જામી ગઈ હતી. જ્યારે શામળાજી ચૈત્ર પુનમના દિવસે પરંપરાગત લોકમેળાનું આયોજન થતુ હોય અને શામળીયા ભગવાનનું આજની ચૈત્ર પુનમના દિવસે વિશેષ મહત્વ હોવાથી સમગ્ર ગુજરાત અને રાજસ્થાનમાંથી હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું હતું. શ્રદ્ધાળુઓએ શામળીયા ભગવાનની દર્શન સાથે મેળાનો લુપ્ત પણ ઉઠાવ્યો હતો.

આજે કષ્ટભંજન દેવ હનુમાનજીનો જન્મ જયંતિ હોવાથી ગઈકાલે સાંજથી મંદિરોમાં રોશની કરી શણગારવામાં આવ્યા હતા અને હનુમાનજીના મંદિરોમાં સુંદરકાંડ, મહાઆરતી અને મારૂતિ યજ્ઞોમાં હનુમાન ભક્તોએ લ્હાવો લીધો હતો. આજે જિલ્લાના મોડાસાના સાકરીયામાં શયન મુદ્રામાં બિરાજમાન હનુમાન મંદિરમાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. જ્યારે બાયડના ચમત્કારીક હનુમાન મંદિર, ધનસુરાના રહીયોલવાળા હનુમાનજી, અલાણાના ટેકરીવાળા હનુમાન, ગોધરીયા હનુમાન, કંટાળુ હનુમાન, રોકડીયા હનુમાન જેવા ખ્યાતનામ હનુમાન મંદિરમાં લાખો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

અરવલ્લી જિલ્લામાં વી.એચ.પી. અને બજરંગદળ દ્વારા મોડાસા ધનસુરા, સાઠંબા (બાયડ), માલપુર-મેઘરજ, ભીલોડામાં ભવ્ય શોભાયાત્રા-બાઈક રેલી, સામુહિક હનુમાન ચાલીસા-મહા આરતી - સુંદરકાંડ વગેરે કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

મોડાસામાં રામ-હનુમાન રથ તથા ડી.જે. સાથે ૨૦૦ થી વધારે બજરંગ યુવાનોએ શહેરમાં વિવિધ માર્ગો પર બાઈક રેલીનું આયોજન સાથે સામુહિક હનુમાન ચાલીસાનું પઠન કરવામાં આવ્યું હતું.

હનુમાન જયંતિની ડીસાના વિવિધ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી

ડીસા, તા. ૪

આજે બનાસકાંઠાના ડીસા સહિત દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. હનુમાન જયંતિની ઉજવણી માટે ભક્તોમાં પણ અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. આજે હનુમાન જયંતિ અને સાથે ચંદ્રગ્રહણ પણ હોવાથી હનુમાનજીના મોટાભાગના મંદિર બપોરથી સાંજ સુધીના અમુક સમય દરમિયાન બંધ રહ્યા હતા. ડીસાનાં વિવિધ હનુમાનજીના મંદિરમાં હનુમાન ચાલિસા,સુંદર પાઠનું આયોજન પણ કરવામાં આવ્યું હતુ.

આ વર્ષે હનુમાન જયંતિ સાથે શનિવારનો અનોખો યોગાનુયોગ પણ હતો. હનુમાન જયંતિના તારીખ અને મહિનો બં એક સમાન ૪ નો આંક ધરાવે છે. હનુમાન જયંતિ નિમિત્તે ડીસાના સુપ્રસિદ્ધ ત્રણ હનુમાન મંદિર ખાતે, બસ સ્ટેન્ડ હનુમાનજી મંદિર, ભણશાળી હોસ્પિટલ મંદિર સહીતના વિવિધ મંદિરો ખાતે સુંદર કાંડના પાઠ, મારૂતિ યજ્ઞ, હનુમાન જન્મોત્સવ, અન્નકુટ, ત્રિયંજન, ધ્વજારોહણના વિશેષ આયોજન કરવામાં આવ્યા હતા. આજે ડીસાનાં વિવિધ મંદિરોમાં હનુમાનજીને તેલ, શ્રીફળ,સિંદુર, આંકડાના ફુલ ચડાવ્યા હતા. વહેલી સવારથી મોડી રાત્રી સુધી હનુમાનજીના મંદિરમાં ભક્તો ઉમટી પડ્યા હતા. તો વળી જોગાનુંજોગ ૧૫ વર્ષ બાદ હનુમાન જયંતિના દિવસે ચંદ્રગ્રહણ પણ હતુ. હનુમાન જયંતિના દિવસે જ ચંદ્રગ્રહણ હોય તેવું છેલ્લે ૧૫ વર્ષ અગાઉ બન્યું હતું. જ્યોતિષીઓના મતે ચંદ્રગ્રહણ રાજકીય નેતા, અભિનેતાઓ માટે આગામી સમયમાં હાની સર્જી શકે તેમ છે. આ ગ્રહણ ખગ્રાસ હોવા છતાં ઈશાન ભારતના અતિ પૂર્વ તરફના કેટલાક પ્રદેશના અપવાદને બાદ કરતા સંપૂર્ણ ખંડગ્રાસમાં જોવા મળશે. આ ગ્રહણ ગ્રસ્તોદિત હોવાથી ગ્રસ્ત થયેલ ચંદ્રબિંદુ ઉદય થશે.

સરસવની પરિણીતાની છેડતી કરનાર યુવક વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૪

વિજયનગર તાલુકાના સરસવ ગામની પરિણીતા શુક્રવારે ઘરે એકલી હતી. ત્યારે ગામનો જ એક યુવક તેના ઘરે આવી બદકામના ઈરાદે તેણીની છેડતી કરી હતી. જે અંગે પરિણીતાએ યુવક વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે વિજયનગર પોલીસ સ્ટેશનના વાલજીભાઈ જમાદારના જણાવ્યા અનુસાર સરસવ ગામની પરિણીતા શુક્રવારે તેના ઘરે એકલી હતી. જે સમયે ગામનોજ યુવક ચેતનલાલ રમણલાલ અસારી તેના ઘરે આવ્યો હતો. અને તની સાથે દુષ્કર્મ કરવાના ઈરાદે તેણીની છેડતી કરી હતી. જે અંગે પરિણીતાએ બુમાબુમ કરતા ચેતન ભાગી ગયો હતો. જે અંગે પરિણીતાએ વિજયનગર પોલીસ સ્ટેશનમા છેડતી કરનાર ચેતન અસારી વિરૂધ્ધ શુક્રવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સાબરકાંઠા એલસીબીએ પાસાનો નાસતો ફરતો આરોપી ઝડપી પાડ્યો

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લામાં પશુ ચોરી ના ૧૭ જેટલા ગુના નોધાયેલા આરોપીને વર્ષ ૨૦૧૪ માં પાસા કરવામાં આવી હતી જે આરોપી નાસતો ફરતો હતો જેને શનિવારે બપોરે અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતેથી પકડી લઈને અમદાવાદ મધ્યસ્થ જેલ મોકલી આપ્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે અરવલ્લી જીલ્લાના મોડાસામાં ચાંદ ટેકરી પર જૂની મસ્જીદ પાસે રહેતો આરીફખ્યાલી બુલાઠી મુલતાનીએ વિરુદ્ધ પશુ ચોરીના ૧૭ જેટલા ગુના નોધાયેલા છે જેને વર્ષ ૨૦૧૪ માં પાસા કરવામાં આવી હતી પરંતુ તે નાસતો ફરતો હતો જેને જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે શનિવારે બપોરે મોડાસા તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો અને અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો હતો.

મોડાસામાં મજૂરીના રૂપિયા માટે ટળવળતા મજૂરો

મોડાસા તા. ૪

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરૂપુરના વગડામાં કામ કરતા મજૂરો ફોરેસ્ટ ખતાના અધિકારીઓની મિલીભગતના કારણે મજૂરીથી વંચિત થઈ કામછોડી પોતાના વતને પરત ફરી ગયા હતા.

મોડાસા તાલુકાના સરૂપુરના વગડામાં કામ કરતા મજૂરો ફોરેસ્ટના અધિકારીઓ દ્વારા પુરતી મજૂરી ન અપાતા કામ છોડી પોતાના વતને પરત

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

ફરી ગયા હતા. આ શ્રમજીવી માણસો પોતાનું પેટીયું રડવા માટે દૂર-દૂર સુધી જતા હોય છે ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા તુકાના સરૂપુર ગામે પોતાનું ઘર કુટુંબ લઈ વગડામાં પડી રહી અને ફોરેસ્ટમાં કામ કરતા મજૂરોને સરકારના નિયત કરેલ ભાવ સરકારી બાબુઓ દ્વારા ન અપાતા આ મજૂરો હતાશ થઈ ગયા હતા. સરકારી કંટ્રોલના ભાવ બે મીટર ૧૮ રૂપિયા હોય છે અને ખાડાના ભાવ ૩.૫૦ હોય છે. જ્યારે આ મજૂરોને કંટ્રોલની મજૂરી ૧૦ રૂપિયા ચુકવવામાં આવે છે. અને ખાડાના ભાવ ૧.૫૦ રૂપિયા લેખે ચુકવવામાં આવે છે તેવું આ મજૂરો દ્વારા જણાવવામાં આવ્યું હતું. તો શુ આ મજૂરોને અધિકારીઓ વાવચર ઉપર સહી લઈને મજૂરી નહી ચુકવતા હોય, તેવા પ્રશ્નોએ ફોરેસ્ટમાં જોર પકડ્યું છે.

મહેસાણા તાલુકામાં નારી અદાલતનો પ્રારંભ

મહેસાણા, તા.૪

ગુજરાત રાજય મહિલા આયોગ અને સામખ્ય દ્વારા મહેસાણા તાલુકામાં નારી અદાલતનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સમગ્ર મહેસાણા જિલ્લામાં પાંચ નારી અદાલતો કાર્યરત છે. મહિલા સામખ્ય ગુજરાત કાર્યક્રમની શરૂઆત વર્ષ ૧૯૮૯થી શિક્ષણ દ્વારા મહિલાઓનું સશકિતકરણ થાય તે ઉદ્દેશથી કરવામાં આવી છે.મહિલાઓને પડતી કાયદાકીય મુશ્કેલીઓ સામે સમગ્ર રાજયમાં નારી અદાલતનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં સૌ પ્રથમ નારી અદાલતની શરૂઆત વડોદરા જિલ્લાના વાઘોડીયા ખાતે ૧૯૯૫ના વર્ષમાં થઈ હતી. મહિલા આયોગના અધ્યક્ષાએ વધુમાં જણાવ્યું હતું કે રાજયમાં કાર્યરત નારી અદાલતોમાં ૧૭ હજાર મહિલાઓના પ્રશ્નમાંથી ૮ હજાર પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું છે. તેમજ ૩ હજાર પ્રશ્નો કાર્યવાહી હેઠળ છે. નારી અદાલતમાં મહિલાઓના પ્રશ્નોનું સમાધાન ત્રણ મહિનામાં કરવામાં આવે છે.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વડાગામના કષ્ટભંજન હનુમાન મંદિરે હવન

અરવલ્લી જિલ્લાના વડા ગામ ખાતે કષ્ટભંજન હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ નિમિત્તે મારૂતિ યજ્ઞ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હવનમાં લગભગ ૫ થી ૬ હજાર ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. તમામ શ્રદ્ધાળુઓ માટે આયોજક હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા બુંદી-દાળ-ભાતના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોશીનામાં મહીલા અને બાળ આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૪

વિશ્વ મહીલા દિન ઉજવણીના ભાગરૂપે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના સીધા માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસ ખેડબ્રહ્મા દ્વારા પોશીના સા.આ. કેન્દ્ર ખાતે મહીલા અને બાળ આરોગ્ય તેમજ કિશોરીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી, જેમાં ૫૮ જેટલા લાભાર્થીનીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી. કેમ્પમાં ડૉ. અશ્વિન ગઢવી ઈન્ચાર્જ અધિક્ષકશ્રી પોશીના દ્વારા સગર્ભા મહીલાઓની તપાસ કરી સારવાર આપવામાં આવી, તેમજ ડૉ. બી.એસ. ગઢવી મેડીકલ ઓફિસરશ્રી પ્રા.આ. કેન્દ્ર દેલવાડા તેમજ ડૉ. કે.એમ. ડાભી મેડીકલ ઓફિસર સા.આ. કેન્દ્ર પોશીના દ્વારા કેમ્પને સફળ બનાવવામાં આવ્યો.

કાપડના થેલામાં છુપાવી વિદેશી દારૂ લઈ જતા રાજસ્થાનના બે ઈસમો પકડાયા

વિજયનગર તાલુકામાં નવાગામે શનિવારે બાઈક પર કપડાના થેલામાં છુપાવી રાજસ્થાનથી વિદેશી દારૂ લઈ જતા બે ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા. જેમની પાસેથી રૂ. ૭,૨૦૦ નો દારૂ, બે મોબાઈલ અને બાઈક મળી રૂ. ૩૩ હજારનો મુદ્દામાલ પોલીસે કબ્જે લીધો હતો.

વિજયનગર પોલીસ સબ ઈન્સ્પેક્ટર અનીલભાઈ બી. ઠાકોર ટીમ સાથે શનિવારે રાણી બોર્ડર તરફ પેટ્રોલીંગ કરી રહ્યા હતા. દરમિયાન રાણી બોર્ડર તરફથી આવતા બાઈકના ચાલકની હિલચાલ શંકાસ્પદ જણાઈ હતી. જેથી પી. એસ. આઈ. એ બાઈક અટકાવી હતી. જેમાં રાજસ્થાનના ઉદયપુર જીલ્લાના ખેરવાડા તાલુકાના કાંકરી ડુંગરી ગામના મણીલાલ જીવણ બરંડા અને હરીશ કમજી બરંડાએ કાપડના થેલો તપાસતા તેમાંથી વિદેશી દારૂ ૧૮ બોટલ વગર પાસ પરમિટ લઈ જતા પકડાઈ ગયા હતા. પોલીસ સબ ઈન્સ્પેક્ટરે મણીલાલ જીવાજી અને હરીશ કમજી બરંડા વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. ૭૨૦૦નો દારૂ, ૮૦૦ના બે મોબાઈલ, ૨૫ હજારનું બાઈક મળી કુલ ૩૩ હજારનો મુદ્દામાલ લઈ બન્ને ઈસમોને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર

TATA

ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol

EXIDE INDUSTRIES LIMITED

BRIDGESTONE PASSION for EXCELLENCE

JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧